# સાબરકાંઠા-અરવલ્લીમાં કમોસમી માવઠાથી હિલસ્ટેશન જેવું વાતાવરણ

## માવઠાના કારણે રવી ખેતીમાં રોગચાળો વકરવાની દહેશતથી ખેડૂતોમાં ચિંતા

બાયડ, તા.૦૬

સાબરકાંઠા-અરવલ્લીમાં ગત સમી સાંજથી વાતાવરણમાં પલટાવ પછી કમોસમી માવઠું વરસવા લાગ્યું હતું. ગુરૂવારે સવારે પણ જિલ્લાના અનેક વિસ્તારોમાં માવઠા અને ધુમ્મસના કારણે હિલસ્ટેશન જેવું વાતાવરણ ઉભું થતાં પ્રકૃતિ પ્રેમીઓ મલકાયા હતા. માવઠાના કારણે નવા વર્ષના આરંભે જ રવી ખેતીમાં રોગચાળો વકરવાની દહેશતથી જિલ્લાના ૧.૮૦ લાખ ખેડુતોમાં ચિંતા છવાઈ છે. કમોસમી માવઠાના કારણે બોર, દાડમ, જામફળ સહિતના પાકમાં રોગચાળો વકરવાની પૂરેપૂરી દહેશત વ્યકત થઈ છે.

હવામાન વિભાગે ઉત્તર ગુજરાતમાં તા.પ જાન્યુઆરીથી માવઠાની આગાહી કરી હતી જેથી સાવધ બનેલા ખેડૂતોએ સૂકો ઘાસચારો સુરક્ષિત સ્થળે મૂક્યો હતો. જ્યારે તૈયાર ખેતપેદાશ પણ માવઠું વરસે તો ભીંજાય નહિ તે રીતે સલામત સ્થળે મૂકી હતી. ગત રોજથી જિલ્લાના પ્રાંતિજ, હિંમતનગર, પોશીના, ખેડબ્રહ્મા, ભિલોડા, બાયડ, મોડાસા સહિતના વિસ્તારોમાં હવામાન પલટાવ આવ્યો. મોડી રાત્રેથી અનેક વિસ્તારોમાં કમોસમી માવઠા વરસવાની શરૂઆત થઈ. પ્રજા ગરમ સ્વેટર, રેઈનકોટ અને છત્રી સાથે ઠેકઠેકાણે જોવા મળતાં હવામાન પલટાવે જિલ્લાનું વાતાવરણ પશ્ચિમી દેશો જેવું બનાવી દીધું. પાછલા એક મહિનામાં ચોથું માવઠું વરસતાં ખેડુતો પાયમાલ થઈ જાય તેવી પૂરેપૂરી દહેશત છે. માવઠાના કારણે રવી પાકમાં રોગચાળો વકરવાની દહેશત વધી ગઈ છે. કમોસમી વરસાદના કારણે આગામી તા.૯ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન લગ્ન સહિતના શુભઅવસર આયોજીત થયા છે તેવા અનેક પરીવારોની ઉંઘ હરામ થઈ ગઈ છે.



## પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા કોરોના સહાય ચુકવવા માટે મામલતદારને આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાની હેઠળ કોરોના મા મૃત્યુ પામેલ પરિવારજનોને ૫૦ હજાર ની સહાય ને બદલે ચાર લાખ રૂપિયા સહાય આપવાની માંગ સાથે રેલીયોજી સુત્રોચ્ચાર કરી પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા ને આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ સહિત તાલુકા મા કોરોના મા મૃત્યુ પામેલ પરિવારોને આપવામા આવતી ૫૦,૦૦૦ હજાર ની સહાય ને બદલે રૂપિયા ૪ લાખ ની સહાય આપવામા આવે તે માટે પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા તાલુકા પંચાયત થી તાલુકા સેવાસદન સુધી રેલીયોજી ન્યાય આપો ના ન્યાય આપોના સુત્રોચ્ચાર કરી પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે જઈ ને પ્રાંતિજ મામલતદાર એ.પી. ભગૌરા ને આવેદનપત્ર આપી કોરોના મા મૃત્યુ પામેલ લોકોના પરિવારોને ચાર લાખ ની સહાય મળે તે માટે રજુઆત કરવામા આવી હતી અને ભાજપ સરકાર પોતાના ના ખોટા ખર્ચાઓ , મંત્રીઓને નવીન ગાડી , હેલિકોપ્ટર વગેરે બંધ કરી મૃતકો ને સહાય આપવા માંગ કરી હતી તો આ પ્રસંગે પ્રાંતિજ-તલોદ ના કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા , તાલુકા પ્રમુખ અમરીશ પટેલ , તાલુકા સદસ્ય રાજ પટેલ , અનિલ પટેલ , રેખાબેન સોલંકી સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા



## જિલ્લામાં ઉત્તરાયણે અકસ્માત ટાળવા ઈમરજન્સી-૧૦૮ સજ્જ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉત્તરાયણના દિવસે પતંગ ઉડાડતાં થતા અકસ્માતને પહોંચી વળવા માટે ઈમરજન્સી-૧૦૮ સેવા સજ્જ બની છે. જેમાં ૧૦૮ સેવા દ્વારા આગોતરૂ આયોજન કરવામાં આવ્યું છે. ઉત્તરાયણના અકસ્માતોને રોકવા જિલ્લામાં ૨૩ એમ્બ્યુલન્સની સાથે ડૉક્ટરોની ટીમ સતત તૈનાત કરવાની સૂચના અપાતાં પતંગ પર્વ પૂર્વે ઈમરજન્સી સેવા તૈનાત થઈ છે.

દર વર્ષે ઉત્તરાયણના દિવસે ઈમરજન્સી-૧૦૮ની દોડાદોડી વધી જતી હોય છે. જેથી જીવીકેઈ એમઆરઆઈ દ્વારા ઉત્તરાયણના દિવસે ઈમરજન્સી-૧૦૮ને તૈનાત રહેવા જણાવાતું હોય છે. આ વખતે ૧૪મી જાન્યુઆરીના દિવસે થતા અકસ્માતોમાં ૩૫ ટકા સુધીનો વધારો થવાની દહેશત વ્યક્ત કરાઈ છે. ઉત્તરાયણનું પર્વ આનંદમય વાતાવરણમાં ઉજવાય તે માટે આધુનિક ટેકનોલોજીની મદદથી ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર સતત કાર્યરત કરાયું છે. અકસ્માતો સમયે વધુ અકસ્માતને પહોંચી વળવા માટે એમ્બ્યુલન્સ ઝડપથી કેસમાંથી મુક્ત થઈ ઈમરજન્સી માટે ઉપલબ્ધ થાય તે માટે બંન્ને જિલ્લામાં ૨૩ ઈમરજન્સી વાન સાથે તમામ હોસ્પિટલો સાથે સંકલન કરવા ખાસ સ્ટાફ ફાળવવામાં આવ્યો છે. પતંગ ઉડાડતા સમયે જાનહાનીને ટાળવા ઈમરજન્સી-૧૦૮ એ આગોતરી તૈયારી કરી લીધી છે. મોટાભાગે સવારે ૬ થી ૯ના સમયગાળામાં તેમજ સાંજે ૪થી ૬ વાગ્યા સુધીમાં અકસ્માત નોંધાતા હોય છે.

## ટીંટોઈથી તસ્કરો મોડાસામાં પધાર્યા

# પોલીસની આબરૂના ધજાગરા, મોડાસામાં એક જ રાતમાં ૮ દુકાનના તાળા તૂટ્યાં

### પોલીસ કુંભકર્ણની નિદ્રામાં, તસ્કરી કરનારા સીસીટીવી કેમેરામાં કેદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

મોડાસા તાલુકાના ટીંટોઈમાં ૧૮ સ્થળે તસ્કરી પછી પણ પોલિસ તપાસમાં કશું ઉકાળી શકી નથી. ત્યાં ટીંટોઈથી તસ્કરો મોડાસામાં પધાર્યા હોય તે રીતે બુધવાર ગુરૂવારની મોડી રાત્રે મુખ્ય બજારમાં ત્રાટકેલા તસ્કરોએ ૮ દુકાનના તાળા તોડી હજારો રૂપિયાની મત્તા ઉસેડી જતાં પોલિસની આબરૂના ધજાગરા ઉડ્યા છે. ઉચ્ચ પોલિસ અધિકારીઓના હેડ ક્વાટર્સમાં ધંધા રોજગાર અસલામત હોય તો પછી અન્ય વિસ્તારોમાં શું સ્થિતિ હશે ? રેન્જ આઈ.જી. દ્વારા જિલ્લામાં પોલિસની નિષ્ક્રિયતાનો ભરપૂર ફાયદો ઉઠાવે છે ત્યારે નિષ્ક્રિય સ્ટાફ અને અધિકારીઓની બદલી કરવી જોઈએ તેવો લોકમત પ્રવર્તિ રહ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર પોલિસ દ્વારા તસ્કરી સહિત અન્ય ક્રાઈમ રેટ ઉંચકાયો હોવાથી નાઈટ પેટ્રોલિંગ ઉપર ભાર મુકવા જિલ્લા પોલિસ વડા દ્વારા તમામ પોલિસ મથકને સૂચના આપવામાં આવી છે પરંતુ જિલ્લામાં નાઈટ પેટ્રોલિંગના નામે ધુપ્પલ ચાલી રહ્યું છે. રાત્રે ૧૦ પછી પોલિસ કે હોમગાર્ડ જવાનો ક્યાંય દેખાતા નથી અને કાગળો ઉપર નાઈટ પેટ્રોલિંગના મસમોટા દાવા થઈ રહ્યા છે. જેનો તસ્કરોએ ભરપૂર ફાયદો ઉઠાવી પોલિસની પોલ ખોલી નાખી છે. મોડાસાના મુખ્ય બજારમાં ચારરસ્તા પોલિસ ચોકીથી નવા બસ સ્ટેશન પોલિસ ચોકી સુધીના ૫૦૦ મીટર વિસ્તારમાં ૮ દુકાનના તાળાં તોડી તસ્કર ગેન્ગે મોડાસા ટાઉન પોલિસની આબરૂના ધજાગરા કર્યા છે. તસ્કરોએ ખાસ કરીને ગારમેન્ટ સહિતની દુકાનોને નિશાન બનાવ્યાનું પ્રાથમિક રીતે જણાઈ આવ્યું છે. ત્યારે સવાલ એ થાય છે કે જિલ્લાના વડામથકમાં પોલિસ રાત્રે નાઈટ પેટ્રોલિંગના નામે તમાશા દેખાડી ઉંગતી હોય તો ગામડાંઓમાં પેટ્રોલિંગ કેટલું ધારદાર હશે ? તેનો અંદાજ આવી શકે તેમ છે. રેન્જ આઈ.જી. દ્વારા તમામ પોલિસ સ્ટેશનમાં મોટાપાયે બદલી થાય પછી જ પોલિસ સક્રિય બને તેવું હાલ જણાઈ રહ્યું છે. એક જ પોલિસ સ્ટેશનમાં વર્ષોથી ચીટકી રહેલા રાઈટર તેમજ ડી સ્ટાફની બદલી પણ જરૂરી છે કારણકે હવે મોટાભાગના પોલિસ સ્ટેશનોમાં જૂનો સ્ટાફ વહિવટદાર બન્યાની જોરદાર લોકચર્ચા ચાલી રહી છે.





## જય હો...જય હો... જાયન્ટસ ગૃપ ઓફ બાયડે

# વાર્ષિક અધિવેશનમાં ૧૬ એવોર્ડ જીતી ઈતિહાસ રચ્યો

બાયડ તા.૦૬।

તાજેતરમાં ગાંધીનગર ખાતે જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન ફેડરેશન ૩-સીનું વાર્ષિક અધિવેશન યોજાઈ ગયું જેમાં ફરી એકવાર જાયન્ટસ ગૃપ ઓફ બાયડ અને જાયન્ટસ ગૃપ ઓફ બાયડ સાહેલીની સેવાકીય પ્રવૃત્તિઓ અધિવેશનમાં છવાઈ ગઈ. જાયન્ટસ ગૃપ ઓફ બાયડએ વાર્ષિક અધિવેશનમાં ૧૬ જેટલાં એવોર્ડ જીતી ઈતિહાસ રચવાની સાથે બાયડનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે ફરી એકવાર ગુંજતું થયું છે. જાયન્ટસ ગૃપ ઓફ બાયડના યંગ અને ડાયનેમિક પ્રમુખ ડાં. દેવમ ધર્મેશ સોનીને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરેથી અભિનંદન વર્ષા શરૂ થઈ છે.

સેવાકીય પ્રવૃત્તિઓના માધ્યમથી ગરીબ માણસોની સંવેદના વાંચવના અનેક પ્રયાસો સાર્થક સાબિત થયા છે. બાયડમાં જાયન્ટસ ગૃપ ઓફ બાયડની સેવાકીય પ્રવૃત્તિઓએ બાયડને સમગ્ર રાજ્યમાં આગવી નામના અપાવી છે. દર વર્ષે બેટીયા સ્કુલ ચલે, વૃક્ષારોપણ, સૂકામેવાનું વિતરણ, હોમિયોપેથીક દવાઓનું કોરોના સમય દરમ્યાન વિતરણ સહિતની અનેક વિધ સેવાકીય પ્રવૃત્તિથી બાયડ તથા પંથકમાં જાયન્ટસ ગૃપ સેવાનો કબીરવડ બન્યો છે. દરવર્ષે વિવિધ સેવાકીય પ્રવૃત્તિની વાર્ષિક અધિવેશનમાં નોંધ લેવાય છે અને સારી પ્રવૃત્તિને એવોર્ડ આપીને સન્માન કરવામાં આવે છે. ગાંધીનગરના જામડા ખાતે યોજાયેલા વાર્ષિક અધિવેશનમાં ફેડરેશન અને યુનિટ લેવલે ડાં. દેવમ સોનીને બેસ્ટ પ્રમુખનો એવોર્ડ, યુનિટ લેવલે, અમિત પટેલ બેસ્ટ મંત્રી, પ્રિતમ પટેલ- બેસ્ટ ટ્રેજરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. યુનિટ લેવલે જાયન્ટસ ગૃપ ઓફ બાયડ સાહેલીના પ્રમુખ દિપાબેન ડાં. મિનેષભાઈ ગાંધીને બેસ્ટ પ્રમુખનો એવોર્ડ, વંદનાબેન ગીરીશભાઈ પટેલને બેસ્ટ મંત્રી, નિમિષાબેન શૈલેષભાઈ ભાટીયાને બેસ્ટ ડી.એફ.ના એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત બેટીયા સ્કૂલ ચલો પ્રોજેકટ એવોર્ડ, વૃક્ષારોપણ એવોર્ડ, કુવાસી દિકરીઓ માટે સૂકામેવાનો એવોર્ડ, ચક્ષુદાન એવોર્ડ, સ્વચ્છતા એવોર્ડ, કોરોના મહામારી દરમ્યાન જાયન્ટસ ગૃપ દ્વારા ૮૦૦ પરીવારોને હોમિયોપેથીક દવાઓનું વિતરણ, ઉકાળા વિતરણ, માસ્ક વિતરણ, ગરીબ મહોલ્લામાં કપડાં વિતરણ, ટ્રાફિક નિયમન, સ્વચ્છતા અભિયાન, કોરોનાથી બચવાના જાગૃતિ અભિયાન, નગરપાલિકાના સફાઈ કામદારોનું સાલ ઓઢાળી સન્માન, વગેરેના કારણે જાયન્ટસ ગૃપ બાયડને બેસ્ટ જાયન્ટસ વીકનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે જાયન્ટસ ગૃપ ઓફ બાયડના પૂર્વ પ્રમુખ ધર્મેશ સોની, ઓફિસર ડાં.બી.પી.ચૌધરી, યુનિટ ડાયરેક્ટર ગીરીશ પટેલ, ફેડરેશન ઓફિસર કુમુદભાઈ ભાવસાર, મંત્રી અમિતભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ રમેશ પટેલ, જાયન્ટસ ગૃપ ઓફ બાયડ સાહેલના પૂર્વ પ્રમુખ ભારતીબેન સોની, મંત્રી વંદનાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જાયન્ટસ ગૃપ ઓફ બાયડને અઢળક એવોર્ડ અપાવનાર ડાં. દેવમ સોની અને તેમની ટીમને સર્વ સભ્યોએ અભિનંદન આપ્યા હતા.




# દૈનિક ૧૦ હજારના બદલે ૨૩ હજાર વાહનોની અવર જવર

### મોડાસા-બાયડ-ધનસુરા-કપડવંજ હાઈવેને ફોરલેન કરવા ફરી સર્વે : સર્વેના નામે માર્ગ પહોળો કરવાની કામગીરીમાં વિલંબની સંભાવના

બાયડ, તા. ૬

મોડાસા-કપડવંજ-નડીયાદ હાઈવેને ફોરલેન બનાવવાની મંજૂરીની મહોર વાગ્યા પછી પણ તેમાં વિલંબ થતો હોવાની વિગતો સામે આવી રહી છે. છેલ્લા ૨ દિવસથી બાયડ તાલુકાના અલવાકંપા પાસે હાઈવે ઉપર દોડતા વાહનોનો સર્વે શરુ કરવામાં આવ્યો છે. ફોરલેન કરવા માટે દૈનિક ૧૦ હજાર વાહનોની અવર જવરની જરુર છે પરંતુ અત્યારે બમણો ટ્રાફીક એટલે કે ૨૩ હજાર વાહનોની અવર જવર હોવા છતાં કોના પેટમાં ફોરલેન મુદ્દે દુખાવો શરુ થયો છે..?? તે પ્રજાને સમજાતું નથી.

પ્રાપ્ત જાણકારી અનુસાર છેલ્લા કેટલાય સમયથી મોડાસા-ધનસુરા-બાયડ-કપડવંજ હાઈવે ઉપર ટ્રાફીકનું ભારણ વધ્યું છે. મોટા વાહન ચાલકો ટેક્સ બચાવવા માટે મોડાસાથી વાયા ગોધરાના માર્ગે જવાના બદલે મોડાસાથી કપડવંજના માર્ગે વાહનોનો ધસમસતો પ્રવાહ દોડતો હોવાથી પી.પી.પી.ના ધોરણે બનેલી હાઈવે અસમતોલ બની ગયો છે અને તેનું સમારકામ કરવામાં એજન્સી દ્વારા વારંવાર અખાડા થઈ રહ્યા છે. રાજ્યમાં અગાઉના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મોડાસા-બાયડ-કપડવંજ-નડીયાદ હાઈવેને ફોરલેન કરવાની મંજૂરી આપી દીધી પરંતુ ૬ વર્ષ પછી પણ તેમાં કોઈ કામગીરી આગળ વધી હોય તેવું જણાતું નથી, ફોરલેન હાઈવે માટે રસ્તા ઉપર દૈનિક ૧૦ હજાર વાહનોની અવર જવર હોવી જરુરી છે પરંતુ મોડાસા-બાયડ-કપડવંજ હાઈવે હવે ડબલ ટ્રાફીકના કારણે વધુ જોખમી બની ગયો છે. દર સપ્તાહે ગમખ્વાર અકસ્માતની ઘટનાઓ પણ સામે આવતી હોય છે ત્યારે છેલ્લા ૨ દિવસથી બાયડ-ધનસુરા માર્ગ ઉપર અલવાકંપા પાસે બે બાજુ ટેન્ટ ઉભા કરી જતા આવતા વાહનોનો સર્વે શરુ થયો છે. આરએન્ડબી સ્ટેટ વિભાગ સાથે સંકળાયેલા અધિકારીના જણાવ્યા અનુસાર ફોરલેન હાઈવે માટે વાહનોની અવર જવરનો સર્વે કરવામાં આવી રહ્યો છે અને તેમાં પેસેન્જર વાહન તેમજ નાના વાહનો વગેરેની અવર જવરને પણ તેમાં ધ્યાને લેવાય છે. બાયડના મુખ્ય બજારમાં ઓવરબ્રીજની ઉભી થયેલી ચર્ચાનું તેઓએ ખંડન કરીને જણાવ્યું કે આવી કોઈ પ્રોજેક્ટ અમલમાં આવ્યો હોય કે તેનો સર્વે થયો હોય તેવું ધ્યાનમાં ન હોવાનું જણાવ્યું છે.

#### વાહનોના સર્વેથી ચાલકોમાં આશ્ચર્ય...

બાયડ-ધનસુરા હાઈવે ઉપર છેલ્લા ૨-૩ દિવસથી ૨૪ કલાક માર્ગ ઉપર દોડતા વાહનોનો સર્વે શરુ થતાં વાહન ચાલકો આશ્ચર્ય અનુભવી રહ્યા છે. જ્યારે સર્વે કરનારી ટીમે ફોરલેન માટે નહીં પરંતુ ટોલ એજન્સી માટે વાહનોની અવર જવરનો સવે ચાલતો હોવાનું જણાવ્યું છે.

## સાબરકાંઠા મધ્યસ્થ બેન્કના નિવૃત્ત શાખા મેનેજર કનુભાઈ પટેલનો જીવનદીપ બુઝાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

બાયડ તાલુકાના ડેમાઈ ગામના(હાલ રહે બાયડ) , સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ બેન્કના નિવૃત્ત શાખા મેનેજર કનુભાઈ રમણભાઈ પટેલનું ટુંકી માંદગી બાદ અવસાન થતાં બાયડ-ડેમાઈ સહિત પંથકમાં શોક છવાયો હતો. તેઓએ બાયડ, જીતપુર, ડેમાઈ, ભુંડાસણ સહિત જિલ્લા મધ્યસ્થ બેંકની અનેક શાખાઓમાં શાખા મેનેજર તરીકે યશસ્વી સેવાઓ આપી નિવૃત્ત થયા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાના ડેમાઈ ગામના વતની અને છેલ્લા કેટલાંક સમયથી બાયડની ગાયત્રીનગર સોસાયટીમાં રહેતા કનુભાઈ રમણભાઈ પટેલએ સાબરકાંઠા મધ્યસ્થ બેંકની શાખાઓમાં યશસ્વી સેવાઓ આપી નિવૃત્તિજીવન ગાળતાં હતા. ગત રોજ તેઓનું અવસાન થતાં આંજણા પાટીદાર સમાજમાં શોક છવાયો હતો.તેમને જ્યાં પણ ફરજ બજાવી ત્યાં જીંદાદિલ વ્યક્તિત્વના કારણે બહોળો ચાહકવર્ગ ઉભો કર્યો હતો. બેન્કમાં આવતા તમામ ગ્રાહકોની કોઈ મુશ્કેલી હોય તો મિત્ર ભાવે તેમાં મદદરૂપ થવાની સાથે તેઓ અનેક ગરીબ પરીવારોને અંગત રીતે પણ



મદદરૂપ થયા હતા. થોડાંક સમય અગાઉ બીમાર થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તબિયત સુધરતાં રજા આપવામાં આવી હતી પરંતુ બુધવારે સવારે ટુંકી માંદગી બાદ તેમનું અવસાન થયું હતું. સ્વર્ગસ્થની અંતિમયાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સ્વર્ગસ્થનું બેસણું તા.૯ જાન્યુઆરી,રવિવારે સવારે ૧૦ -૦૦ થી ૨-૦૦ તેમના નિવાસ સ્થાન ગાયત્રીનગર સોસાયટી, ગાયત્રી મંદિર પાસે, ગાબટ રોડ, બાયડ ખાતે રાખેલ છે.

## બેસણું



મારા પરમ પૂજ્ય પિતા **કનુભાઈ રમણભાઈ પટેલ**

(નિવૃત્ત અધિકારી : સાબરકાંઠા મધ્યસ્થ બેન્ક) તા.૫-૧-૨૦૨૨, બુધવારના રોજ અક્ષરનિવાસ થયેલ છે. ભગવાન સ્વામિનારાયણ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે.

**સદ્‌ગતનું બેસણું : તા.૯-૧-૨૦૨૨, રવિવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ અમારા નિવાસ સ્થાને રાખેલ છે.**

**નિવાસસ્થાન : ૧૧, ગાયત્રી સોસાયટી, ગાયત્રી મંદિર પાસે, બાયડ, જિ.અરવલ્લી**

**મો.૯૪૨૮૧૯૮૫૬૭, ૯૭૧૪૫૯૦૦૩૪, ૬૩૫૧૧૩૧૯૭૯**

લી.

દિનેશકુમાર રમણભાઈ પટેલ, ભાઈ
કશ્યપકુમાર બિપિનભાઈ પટેલ, ભત્રીજા
પ્રિયંકકુમાર કનુભાઈ પટેલ, પુત્ર
તથા સમસ્ત પરિવાર (ડેમાઈ)

નોંધ : કોરોના સંક્રમણના કારણે માસ્ક ફરજીયાત પહેરવો, સોસ્યલ ડીસ્ટન્સ જાળવવું.